# વિદેશી યુનિવર્સિટીઓ આવવા માટેની આશંકા

ભારતમાં ઉચ્ચશિક્ષણક્ષેત્રે વિદેશી યુનિવર્સિટીઓને આમંત્રિત કરી છે, જે પાછળનો હેતુ ઉચ્ચશિક્ષણક્ષેત્રે ગુણવત્તા યુક્ત શિક્ષણ પ્રદાન કરવાની સાથે સરકાર પર ઉચ્ચશિક્ષણક્ષેત્રે પડતો આર્થિક બોજો હળવો કરવાનો પણ કહી શકાય. શિક્ષણના માર્કેટીંગની રીતે કરીએ તો ભારત પાસે વિદ્યાર્થીરૂપી ખૂબ જ મોટી ખાણ છે. ભારતમાં લગભગ ૪૩૦ યુનિવર્સિટી અને ૨૨૦૦૦ જેટલી કોલેજો છે. આમછતાં ઉચ્ચશિક્ષણમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ભારતમાં માત્ર ૧૨ ટકા જેટલી છે. જે સમગ્ર વિશ્વની સરાસરી ૨૩.૨ ટકા કરતાં અડધી સંખ્યા કહી શકાય, વિકસિત દેશોમાં આ ટકાવારી ૫૪.૬ ટકા અને એશિયાઇ દેશોમાં ૨૨ ટકા જેટલી છે. ભારત સરકારનું લક્ષ્યાંક આપણા દેશમાં ઉચ્ચશિક્ષણક્ષેત્રે નામાંકન ૨૦૧૧-૧૨ માં ૧૫ ટકા અને ૨૦૧૭ સુધીમાં ૨૧ ટકા જેટલું કરવું. જે માટે વિદ્યાર્થી સંખ્યા લગભગ એકવીસ લાખ જેટલી વધારવી પડે. આ કામ માટે એટલા પ્રમાણમાં કોલેજોની સંખ્યા અને સાથે અન્ય ભૌતિક સુવિધાઓની જરૂર પડે. જે કામ સરકાર માટે કરવું અતિમુશ્કેલ છે. જેથી સરકારને ખાનગી સાહસો અને સમાજસેવી સંસ્થાઓનો સહકાર લીધા સિવાય છૂટકો જ નથી. આમ પણ ભારતમાં આઝાદી મળી ત્યારથી આજદિન સુધી ઉચ્ચશિક્ષણક્ષેત્રે સરકાર કરતાં ખાનગી સાહસો અને સેવાભાવિ સંસ્થાનો ફાળો મોટાપ્રમાણમાં રહેલો છે. જેને વધારવા હજુ પણ સરકાર ઇચ્છા ધરાવે છે. જેનો એક ઉપાય સરકારને વિદેશી યુનિવર્સિટીઓને ભારતમાં કેમ્પસ ખોલવાની મંજૂરી આપવામાં દેખાય છે. આ માટે ભારત સરકારે વિદેશી યુનિવર્સિટીઓ માટે લાલજાજમ બિછાવવાનો પ્રયત્ન કર્યો છે, પણ આ લાલજાજમમાં ઘણાં બદાં કાણાં રહી ગયાં છે, જે વિદેશી યુનિવર્સિટીઓને ગમશે નહીં. પરિણામે આ લાલજાજમ પર ચાલવાનું વિદેશી યુનિવર્સિટીઓ પસંદ નહીં કરે, અને જે વિદેશી યુનિવર્સિટી આ લાલજાજમ પર ચાલવાનું પસંદ કરશે તેની ગુણવત્તા સારી નહીં હોય. આપણી સરકારે કેવા કાણાં રાખ્યાં છે તેની વાત કરીએ.

વિદેશી યુનવર્સિટી શિક્ષણના પ્રવેશ અને સંચાલનના વિનિયમ – વિધેયક ઇન્સ્ટિટયુટ-૨૦૧૦ અંતર્ગત કપિલ સિબ્બલ સાહેબે ઇમાનદારીપૂર્વક પ્રયત્ન કર્યો છે, પણ તેને આકર્ષક બનાવી શકયા નથી. માટે જ ૨૦૧૧-૧૨ માં ૧૫ ટકાનું જે લક્ષ્યાંક રાખ્યું છે તેને માત્ર એક જ વર્ષ રહ્યું જે અશક્ય લાગે છે. વિદેશી યુનિવર્સિટીઓ માટે જે પ્રોત્સાહન આપવું જોઇએ તે આપી શક્યા નથી. ત્યારે પ્રશ્ન થાય કે શા માટે વિદેશી યુનિવર્સિટીઓ પોતાના સંસાધનો અને ક્ષમતાઓનો ઉપયોગ કરવા ભારતની સમસ્યાઓ દૂર કરવા આવે. જેના કારણે તેમને કોઇ દેખિતો લાભ થવાનો નથી. ભારતમાં કોઇ યુનિવર્સિટીએ પોતાનું કેમ્પસ ખોલવું હશે તો તેમને કોઇ ભારતીય ભાગીદાર જોઇશે જ. એનો અર્થ એવો પણકરી શકાય કે, વિદેશની યુનિવર્સિટીને પોતાનું કેમ્પસ નહીં હોય, પણ ભારતીય સંસ્થા સાથે ભાગીદારી કરશે. કુલ રોકાણના ૫૧ ટકા સુધી વિદેશી યુનિવર્સિટીએ રોકાણ કરવાનું છે. ત્યારે પ્રશ્ન થાય કે, આ શરત આર્થિક રીતે સશક્ત બાહ્ય યુનિવર્સિટીને માન્ય રહેશે ? એટલું જ નહીં આ રીતે સ્થપાયેલ યુનિવર્સિટીને યુ.જી.સી.ના ૧૯૫૬ની કલમ ૩ મુજબ ડિમ્ડ યુનવર્સિટીનો દરજ્જો આપવામાં આવશે. એન.સી.એચ.ઇ.આર. વિધેયક મુજબ કુલપતિની નિમણૂંક કરવાની રહેશે. એટલે કે કોઇપણ વિદેશી યુનિવર્સિટીને પોતાની પસંદગીના કુલપતિની નિમણૂંક આપમેળે કરી શકશે નહીં. તે માટે ભારત સરકારના કાયદા અને નક્કી કરેલી પ્રક્રિયા મુજબ જ કુલપતિની નિમણૂંક કરવાની રહેશે. આ નિયમ કોઇપણ વિદેશી યુનિવર્સિટી સ્વીકારી શકે તેમ નથી. વિદેશી યુનિવર્સિટીને પોતાની રીતે, પોતાની ફિલોસોફી પ્રમાણે કામ કરવું હશે તો આ નિયમ ખૂબ જ બાધારૂપ નિવડશે.

આમછતાં કોઇ વિદેશી યુનિવર્સિટી ભારતમાં કેમ્પસ ખોલશે તો તેણે પોતાના અસલી બંધારણથી વિપરિત ભારતીય કાયદા કાનૂન પ્રમાણે વર્તન કરવું પડશે. પરિણામ સ્વરૂપ તેવી યુનિવર્સિટીઓને એક ભય એ પણ સતાવતો રહેશે કે, તેમની પોતાની ગુણવત્તામાં ઘટાડો તો નહીં થાય ને ? પોતાની બ્રાંડ ઇમેજને ધક્કો લાગશે તો ? આવા ભય વચ્ચે ખૂબ જ નામાંકિત યુનિવર્સિટીઓ ભારતમાં આવવાનું ટાળશે. જેમકે, હાવર્ડ યુનિ., કેમ્બ્રિજ યુનિવર્સિટી વગેરે. જે યુનિવર્સિટીઓ આવશે તે નામાંકિત નહીં હોય. ત્યારે પ્રશ્ન થાય કે સામાન્ય ગુણવત્તા વિહોણી યુનિવર્સિટીઓને આમંત્રિત કરવાની જરૂર છે ?

ભારતીય ફિલોસોફી અને જરૂરિયાતને ધ્યાનમાં લેતાં ભારતમાં શૈક્ષણિક સંસ્થાઓમાં ચોક્કસ પ્રમાણમાં અનામત સીટ રાખવી પડે છે. જે કાયદો વિદેશી યુનિવર્સિટીઓને બિલકુલ માફક નહીં આવે. જેથી તેઓ ભારતમાં આવવાનો વિચાર જ માંડી વાળશે. આ સમસ્યાના ઉકેલ માટે જો ભારત સરકાર એમ વિચારે કે, અનામતનો કાયદો વિદેશી યુનિવર્સિટીને લાગુ

નહીં પાડવો. તો સામે તરત જ સ્થાનિક ખાનગી સાહસોની કોલેજો તરત જ પોતાના માટે પણ તેવી છૂટની માંગ કરશે જ. આમ પણ તટસ્થ રીતે વિચારીએ તો ભારતીય સંસ્થાઓને છૂટ ન આપવી અને બાહ્ય સંસ્થાઓને છૂટ આપવી તે કેટલું વાજબી લાગે છે ? આ સાથે જ પ્રવેશ પ્રક્રિયા, ફિ વગેરે બાબતોનું શું ? વિદેશી અને સ્થાનિક યુનિવર્સિટીઓ માટેના નિયમો સરખા કે જુદા જુદા ?

આજે ભારત બહાર અભ્યાસ કરવા જતાં વિદ્યાર્થીઓને રોકીને તેમને મદદ કરવાનો હેતુ કે ભારતનું ધન અન્ય દેશમાં ખેંચાઇ ન જાય તે હેતુને ધ્યાનમાં રાખીને જો પરદેશની યુનિવર્સિટીઓને ભારતમાં લાવવામાં આવતી હોય તો તે પ્રયત્ન અને વિચાર ભૂલ ભરેલો લાગે છે. કારણે ભારત બહાર પરદેશમાં અભ્યાસ કરવા જતાં વિદ્યાર્થીઓમાંથી મોટાભાગના સારા અભ્યાસ માટે કે ઉચ્ચ ડિગ્રી લેવા પરદેશમાં જતાં નથી. તેઓનો હેતુ પરદેશમાં અભ્યાસના બહાના નીચે રહીને આર્થિક કમાણી કરવાનો છે. અભ્યાસ પૂરો કરીને તેઓ જે તે દેશમાં સ્થાયી થવા માંગે છે. અન્ય બધા જ દેશ એવો કાયદો કરે કે, દરેક વિદ્યાર્થીએ અભ્યાસ પૂર્ણ કરીને પોતાના દેશમાં પરત થવાનું છે. તો કેટલા વિદ્યાર્થીઓ પરદેશમાં અભ્યાસાર્થે જાય ? બીજી બાબત કે ભારતમાં આવેલ વિદેશી યુનિવર્સિટીઓમાં અભ્યાસ કરનારને જે તે પરદેશમાં નોકરી ધંધાની કે વસવાટ કરવાની કોઇ જ સગવડ આપવામાં નહીં આવે. ત્યારે મોંઘી ફી ભરીને કેટલા વિદ્યાર્થી વિદેશી યુનિવર્સિટીમાં પ્રવેશ મેળવશે ?

ભારતમાં મોટાભાગના વિદ્યાર્થીઓ કોલેજ કક્ષાએ સાયન્સ, કોમર્સ કે આર્ટ્સની કોલેજોમાં પ્રવેશ મેળવે છે. મેડિકલ, એન્જિનિયરીંગ, આઇ.ટી. અને મેનેજમેન્ટના ક્ષેત્રમાં ખૂબ જ ઓછા વિદ્યાર્થીઓને તક મળે છે. ત્યારે અભ્યાસાર્થે બાહ્ય યુનિવર્સિટીઓ આવશે તો ઉપરોક્ત ક્ષેત્રમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યામાં વદારો થશે. પણ ગ્રામ્ય વિસ્તારથી બનેલ ભારત દેશ માટે શિક્ષણના અન્ય પ્રવાહો પણ એટલા જ અગત્યના છે. તે પ્રવાહોમાં તો વિદેશની યુનિવર્સિટી પોતાનું કેમ્પસ ખોલશે જ નહીં. તો સિબ્બલ સાહેબનું આવતા વર્ષનું કે પાંચ વર્ષ પછીનું લક્ષ્યાંક કેવી રીતે પૂરું થશે? બિછાવેલી લાલજાજમાં રહેલા કાણાં દૂર કરવા મુશ્કેલ લાગે છે. તેના કરતાં નવી લાલજાજમ બિછાવો અથવા ઘરની શેત્રંજીને ધોઇને સાફ કરીને વધુ સુશોભિત કરો..